ગાંધીનગર સમાચાર

ગાંધીનગર-ચિલોડા માર્ગ પરના અવરોધક જીવલેણ

## @ગાંધીનગર

**ગણેશોત્સવ - છઠ્ઠો દિવસ**

● શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા સે-૨૨ રંગમંચ ખાતે રાત્રિના ૮.૩૦ કલાકે યોગ નૃત્ય નિદર્શનનો કાર્યક્રમ યોજાશે.

● શ્રી ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ દ્વારા સેકટર-૬-ડી ભુવનેશ્વર મહાદેવ મંદિર ખાતે રાત્રે ૮.૩૦ કલાકે રાસ ગરબાનો કાર્યક્રમ યોજાશે.

● યુવક મિત્ર મંડળ દ્વારા સેકટર-૩-ડી ગણેશ મહોત્સવ ખાતે રાત્રે ૯.૦૦ કલાકે રાસ ગરબાનો કાર્યક્રમ યોજાશે.

● સે-૨-સી સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા રાત્રિના ૯.૦૦ કલાકે હાસ્ય દરબારનો કાર્યક્રમ યોજાશે.

● વિનાયક યુવક મંડળ સે-૫-બી ગણેશ મહોત્સવ ખાતે બપોરના ૩ થી ૫ કલાક દરમિયાન ભજનનો કાર્યક્રમ યોજાશે તેમજ રાત્રે ૯.૦૦ કલાકે ઈનામ વિતરણ અને નાટક યોજાશે.

● દલિત સાહિત્ય વિમર્શ મંચના ઉપક્રમે સાંજે ૫.૪૫ કલાકે સે-૧૨, ડૉ. આંબેડકર ભવન ખાતે પ્રકાશિત કાવ્યસંગ્રહ 'વીંઝુ છું સૂર્ય ગોફણે' વિષે જાણીતા કવિ, વિવેચક રમણ વાઘેલાનું વિવેચનાત્મક વકતવ્ય યોજાશે.

● સુંદરધામ પરિવાર અને જોષી પરિવાર દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે ઉર્જાનગર વિભાગ-૨, પ્રતિક મોલ પાછળ સ્વામિનારાયણ ધામ પાસે, ધોળાકુવા ખાતે ભારતીબાપુની વ્યાસપીઠે સુંદરકાંડ પાઠ યોજાશે.

● સે-૧૨, સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડ ખાતે સવારના ૯ થી ૧૨ કલાક દરમિયાન રામદેવપીરના નેજા (નિશાન) ચઢાવવાનો કાર્યક્રમ યોજાશે.

● જિલ્લાના પોર ગામમાં સ્થિત રામદેવપીરના પૌરાણિક મંદિર ખાતે ભવ્ય મેળો યોજાશે.

● શ્રી મહાકાળી મહાપ્રસાદ સેવા કેન્દ્ર દ્વારા રાત્રિના ૮.૩૦ કલાકે મહાકાળી માતાજી મંદિર, પરંપરા ગાર્ડન રેસ્ટોરન્ડ સામે જીઆઈડીસી રોડ ખાતે ગરબાનો કાર્યક્રમ યોજાશે.

## ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યો જોગ

ગાંધીનગર, તા. ૯

ભારતીય સાહિત્યના સર્વોચ્ચ સન્માન-જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત ગરવા ગુજરાતી સારસ્વત રઘુવીરભાઈ ચૌધરીનું અભિવાદન કરવા માટે ગાંધીનગર ખાતે એક સમારોહનું આયોજન શનિવારે સવારે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના ઉપક્રમમાં અન્ય સંસ્થાઓની સાથે ગાંધીનગર સાહિત્ય સભા પણ સામેલ છે, એમ જણાવતાં સંસ્થાના પ્રમુખ ભરત કવિએ જણાવ્યું છે કે સભાના સભ્યોને નિમંત્રણ કાર્ડ મોકલવામાં આવ્યા છે. જે સભ્યોને નિમંત્રણ કાર્ડ ન પહોંચી શક્યા હોય તેમને પણ આ સમારોહમાં અચૂક ઉપસ્થિત રહેવા તેમણે અનુરોધ કર્યો છે.

# શહેરમાં ગણેશ મહોત્સવમાં ભકતોની ભારે ભીડ







ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરમાં ઠેરઠેર ગણપતિ ઉત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. નગરમાં વિધ્નહર્તા ગણપતિ બાપાની ભકિતનો રંગ એવો છવાયો છે કે એમાં અબાલ વૃધ્ધ સૌ કોઈ રંગાઈ ગયા છે. શહેરમાં વિવિધ સ્થળો પર થયેલા મોટા ગણેશ મહોત્સવના આયોજનમાં ભકતોની ભારે ભીડ જોવા મળી રહી છે. આ મહોત્સવમાં ભકતો માટે સાંસ્કૃતિક તેમજ ધાર્મિક કાર્યક્રમો યોજાય છે ગણેશ ઉત્સવમાં શહેરમાં આવેલા વિવિધ સ્થળોએ સાંજ ઢળતાં જ માનવ મહેરામણ ઉમટે છે.

અત્યારે હાલના સમયે ગાંધીનગર શહેર ગણેશમય બની જવા પામ્યું છે. શહેરમાં સેકટર, સોસાયટી સહિતના સ્થળો સવિશેષ આયોજન કરાયા છે. જેમાં ગણેશ મહોત્સવમાં ત્રીજા દિવસે સેકટર-૨૨ ખાતે નિહાર મ્યુઝીકલ ગ્રુપ દ્વારા સંગીતમય કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આનલ વસાવડા અને મિહિર જાનીના કંઠે એક બાદ એક ગવાયેલા સુંદર ગીતોથી ભકતોમાં ખુશી છવાઈ ગઈ હતી. મેરે ઢોલના સુન.. તેમજ ફના ફિલ્મનું ચાંદ સિફારીશ ગીત અદ્દભુત રીતે રજુ કરતા તાળીઓના ગળગળાટથી સૌને વધાવી લીધા હતા.જયારે ચોથા દિવસે લોકનૃત્યનો અદભુત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કલાકારોએ વિવિધ ડાન્સની અભિવ્યકિત રજુ કરતા હાજર સૌ કોઈ મંત્રમુગ્ધ થઈ ગયા હતા. જયારે સેકટર-૩ ખાતે લોક ડાયરામાં પણ ભકતોને મોજ પડી હતી. દેવરાજ ગઢવીના કસુંબલ ડાયરો જામતા મોડીરાત સુધી ભકતો બેસી રહ્યા હતા. લોકસાહિત્યની ન જાણી હોય તેવી વાતો સાંભળવા મળતા નાગરીકોને રસ પડ્યો હતો.જયારે ચોથા દિવસે નિરવ ગ્રુપ દ્વારા મ્યુઝીકલ નાઈટ યોજાઈ હતી જેમાં જુના તેમજ નવા હિન્દી ફિલ્મી ગીતો થી નાગરીકોને મજા આવી હતી. વરસાદનું વિધ્ન નડે નહી તે માટે આયોજકો દ્વારા સુંદર ડોમ તૈયાર કરાયો છે. જયારે સેકટર-૬ ખાતે પણ રંગારંગ મ્યુઝીકના કાર્યક્રમમાં ભારે જનમેદની ઉમટી હતી. સુંદર ગીતોની મોજ માણવા ભારે માનવ મહેરામણ ઉમટયો હતો. તેમજ ચોથા દિવસે જાદુનો જલસો યોજાયો હતો. જેમાં નિલેશ મિસ્ત્રી અને જોલી દ્વારા જાદુનો અવનવા પ્રયોગ બતાવતા દર્શકો મંત્રમુગ્ધ બની ગયા હતા. સાંજ ઢળતા જ માર્ગ બંધ કરવો પડે તેવી સ્થિતિ ઉદભવે છે. નગરના ગણેશ ભકતો સૌથી વિશાળ શ્રેણીમાં અહી જોવા મળે છે. ગણેશ મહોત્સવના પંડાલ બહાર પણ ભકતો પોતાના વાહનો પર બેસી સાંસ્કૃતિ કાર્યક્રમની મોજ માણતા નજરે પડે છે. શહેરમાં વર્ષોથી ગણેશ કાર્યક્રમનું આયોજન કરતા સેકટર-૨ મિત્ર મંડળ દ્વારા ત્રીજા દિવસે મેજેસીયન નિલેશકુમારના જાદુના ખેલ જોવા બાળકો સાથે નાગરીકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. જયારે ચોથા દિવસે બાળકો માટે ડાન્સનો કાર્યક્રમ યોજાયો હતો.જેમાં સેકટરના તેમજ શહેરના બાળકોએ સુંદર ડાન્સ રજુ કર્યો હતો. આ સ્પર્ધામાં ૬૦ જેટલા બાળકોએ ડાન્સની વિવિધ કૃતિઓ રજુ કરી હતી. બાળકોને અભ્યાસકીય કીટનું વિતરણ કરાયું હતું. વર્ષોથી થતા આયોજને લોકચાહના મેળવી છે. સે-૨ ખાતે કાર્યક્રમો નિહાળવા ભકતો મોટીસંખ્યમાં ઉમટી પડે છે. બાળકોના ડાન્સ જોઈ સૌ કોઈએ તાળીઓના ગળગળાટથી વધાવી લીધા હતા. સેકટર-૫ બી વિનાયક યુવક મંડળ ખાતે ત્રીજા દિવસે વિવિધ રમતોનું આયોજન કરાયું હતું જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.તેમજ ચોથા દિવસે ભજનનો કાર્યક્રમમાં મોટીસંખ્યામાં મહિલાઓ હાજર રહી હતી. જયારે શોંપીગ સેન્ટર પાસે આયોજીત ગણેશ મહોત્સવમાં બપોરે ત્રણ કલાકે સત્યનારાયણ દેવની કથા યોજાઈ હતી. સે-૩ એ વગડાવાળી માતાજીના મંદિર પાસે નાટકનો શો યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં નાગરીકો તેમજ કાર્યકરો હાજર રહીને કાર્યક્રમને માણ્યો હતો. ગણેશ મહોત્સવમાં શહેરના મેયર, ધારાસભ્ય, બંન્ને રાજકીય પક્ષના કોર્પોરેટરો, વેપારીઓ, સ્વૈચ્છીક તેમજ સેવાકીય સંસ્થાના હોદેદારો, વેપારીઓ સહિત ગણેશ ભકતો મોટી સંખ્યાં ગણેશ મહોત્સવમાં નજરે પડે છે. શહેરમાં ગણેશ મહોત્સવના ધાર્મિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોને ધાર્મિક વાતાવરણ સર્જાયું છે.

# જીઈબી કોલોનીમાં ઉબડ-ખાબડ માર્ગથી નાગરીકો ત્રાહીમામ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેર નજીક આવેલ જીઈબી ખાતેથી પેથાપુર ગામમાં આવન-જાવન થઈ શકે તે માટેનો માર્ગ વર્ષોથી કાર્યરત હતો. આ માર્ગનો ઉપયોગ જીઈબીમાં વસતા નાગરીકો તેમજ પેથાપુરવાસીઓ કરતા હતા. જીઈબી સ્થિત ખુલ્લા પ્લોટમાં ક્રિકેટ ગ્રાઉન્ડ તૈયાર કરાયું છે ત્યારથી આ રસ્તાની દશા બેઠી હોય તેવું લાગી રહ્યું છે. ગ્રાઉન્ડ તો સરસ બની ગયું છે પરંતુ રસ્તાની એટલી ખરાબ દશા થઈ છે કે રસ્તા પરથી પસાર થતા દરેક નાગરીકો ત્રાહીમામ પોંકારી ઉઠે છે. આ માર્ગને અનુલક્ષી જાગૃત નાગરીકોએ અનેકવાર લેખીત તેમજ મૌખિક રજુઆતો કરી છે છતા પરિણામ શૂન્ય છે. જીઈબીમાં આવેલ માર્ગનું સમારકામ ઝડપી હાથ ધરાય તેની રાહ જોઈને નાગરીકો બેઠા છે.

ગાંધીનગર શહેર નિર્માણ પામ્યું તેની પ્રથમ ઈંટ જીઈબી ખાતે મુકવામાં આવી હતી. જીઈબી કોલોની ખાતે ગામને જોડતો રસ્તો આવેલો છે. જેનો ગામના નાગરીકો વર્ષોથી ઉપયોગ કરે છે. પેથાપુરવાસીઓ ને બોરીજ, ઈન્દ્રોડા, સરગાસણ, ધોળાકુવા, ચિલોડા, તેમજ ગાંધીનગર શહેરમાં પ્રવેશ માટે આ માર્ગથી સરળતા રહે છે જેથી નાગરીકો સૌથી વધુ આ રસ્તાનો ઉપયોગ કરતા હતા. કોલોની ખાતે સુંદર અધ્યતન ક્રિકેટ ગ્રાઉન્ડ તૈયાર કરાતા જુનો માર્ગ બંધ કરેલ છે તેમજ બાજુમાં વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે. પરંતુ આ માર્ગ ચોમાસાની સિઝનમાં પાણી ભરાવાને કારણે ખાડા ટેકરાવાળો થઈ ગયો છે. નાગરીકોએ અનેકવાર તંત્ર સમક્ષ રજુઆતો કરી છે છતા યોગ્ય નિવારણ આવ્યું નથી. જયારે પેથાપુર નગરપાલિકાના વિસ્તાર તેમજ ગાંધીનગર મહાનગર પાલિકાના વિસ્તારમાં એક જ પરિવારના સભ્યો ચુંટાઈને આવ્યા છે છતાય નાગરીકોની મુશ્કેલી સમજી શકતા નથી અને નાગરીકોને ઉબડ ખાબડ માર્ગ પરથી પસાર થતા વાહન ચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ માર્ગને પરિણામે વાહનો પણ ખરાબ થઈ જાય તેવી પરિસ્થિતિ ઉદભવી છે. આ માર્ગનું ઝડપી સમારકામ હાથ ધરાય તેની રાહ જોઈને નાગરીકો બેઠા છે.





ગાંધીનગરના સે-૧૫ ખાતેના એલ.ડી.આર.પી. કોલેજ કેમ્પસમાં ભારતીય વાસુ સેના દ્વારા યુવાનોને વાયુ સેનાની કામગીરી અંગેની પૂરતી સચિત્ર માહિતી મળી રહે તે હેતુથી એક પ્રદર્શન વાન બે દિવસથી મુકવામાં આવી હતી. આ પ્રદર્શન વાનમાં વાયુ સૈન્યની કામગીરી, પાયલોટસ તથા અન્ય જવાનોની સાહસિક જવાંમર્દી પ્રદર્શિત કરતા જોખમી ઓપરેશન્સ, વાયુસેનામાં વપરાતા સાધનો તેમજ એરફોર્સમાં કેરિયર અંગે પુરતી સચિત્ર જાણકારી આવરી લેવાઈ છે. દશ્ય-શ્રાવ્ય તેમજ વિવિધ મોડેલ્સથી સુસજ્જ આ વાનમાં વિદ્યાર્થીઓને એક ટુંકી ફિલ્મ પણ બતાવવામાં આવે છે જેથી તેમને વાયુસેનામાં ભરતી થવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓમાં આ વાતે ભારે ઉત્સુકતા જગાવી હતી અને તેને જોવા માટે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉમટી પડયા હતા.

## આરાધના પ્રાથમિક શાળામાં સ્વયં શિક્ષક દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૯

પાંચમી સપ્ટેમ્બર એટલે મહાન કેળવણીકાર અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણજીનો જન્મદિવસ. સમગ્ર ભારતમાં આ દિવસ રાષ્ટ્રીય શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે. આ નિમિત્તે આરાધના પ્રાથમિક શાળામાં ધો-૧ થી ૮ના વિદ્યાર્થીઓએ ખુબ ઉત્સાહપૂર્વક સ્વયં શિક્ષક દિનની ઉજવણી કરી હતી. ૨૪ વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા ભજવી હતી. ધો-૮ના કિશનભાઈ જાનીએ આચાર્ય તરીકે ફરજ નિભાવી હતી. આ પ્રસંગે શિક્ષક બનવાના અનુભવ અંગે પ્રતિભાવો રજુ કરાયા હતા. શ્રેષ્ઠ શિક્ષક તરીકે કાર્ય કરનાર શિક્ષકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા હતા. આચાર્યશ્રી તથા મેનેજીંગ ટ્રસ્ટીએ પ્રાસંગિક વકતવ્ય આપેલ હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન વિજ્ઞાન શિક્ષક શ્રી કેતન પ્રજાપતિએ કર્યું હતું. વહીવટી સ્ટાફે સહયોગ આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



પેથાપુર સ્થિત સર્વંગ સ્વપ્ર ફલેટ ખાતે ગણેશોત્સવ સ્થાપના અંતર્ગત રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવમાં સોસાયટીના રહીશોના નાના બાળકોએ ખુબ ઉત્સાહથી ભાગ લીધો હતો. આ રમતોત્સવમાં લીંબુ ચમચી, લોટ કુંકણી, ખાટી દ્રાક્ષ, સંગીત ખુરશી, કોથળા દોડ સહિતની રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ભટ્ટ મેવાડા બ્રહ્મા સમાજ દ્વારા ૧૧મીએ લઘુરુદ્ર યોજાશે

ગાંધીનગર, તા.૯

ભટ્ટ મેવાડા બ્રહ્મસમાજ દ્વારા તા. ૧૧ સપ્ટેમ્બરના રોજ સે-૨૨ પંચેદવ મંદિર ખાતે સવારે ૯.૦૦ કલાકે હોમાત્મક લઘુરુદ્રનું આયોજન કરવામાં આવ્યું છે. આ યજ્ઞ કાર્યમાં યજમાન તરીકે જોડાવા ભરતભાઈ પંડયા, મુકેશભાઈ ભટ્ટ, નિરવભાઈ પંડયાનો ૨૩૨૧૨૩૧૬ પર સંપર્ક કરી નામ નોંધાવી દેવા સમાજના આગેવાનોએ જણાવ્યું છે.

## જે.બી. પ્રાથમિક શાળામાં હ્યુમન વેલ્ફેર ફાઉન્ડેશન સંસ્થા દ્વારા કેન્સર જાગૃતિ સેમિનાર

ગાંધીનગર, તા.૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં તા. ૭, ૮ સપ્ટેમ્બર ૨૦૧૬, બુધવાર અને ગુરુવારે શ્રી સૌરીનભાઈ પરીખ (કડી) દ્વારા પ્રેરીત હ્યુમન વેલ્નેસ ફાઉન્ડેશન સંસ્થા અંતર્ગત કેન્સર જાગૃતિ અભિયાન 'આયુષ' દ્વારા 'જીતુ કયારે જાગશે' ફિલ્મ દ્વારા કેન્સરની પ્રાથમિક જાણકારી, સ્ત્રીઓમાં સ્તન અને ગર્ભાશય કેન્સર વિશે, મોઢાનાં કેન્સરની માહિતી, વ્યસનોથી શરીર પર થતી ગંભીર અસરો અને તંદુરસ્ત જીવનશૈલીનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આયુષ પ્રોજેકટના પ્રોગ્રામ કન્વીનર શ્રી રવિન્દ્રભાઈ ચૌધરીએ શાળાના આશરે ૨૫૦૦ જેટલા વિદ્યાર્થીઓને કેન્સર જાગૃતિ અંગે સુંદર માહિતી આપી હતી. શાળાના આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલે હ્યુમન વેલ્નેસ ફાઉન્ડેશન સંસ્થાના પ્રણેતા અને કન્વીનર સહ સમગ્ર ટીમનો આભાર વ્યકત કર્યો હતો.

## વાતવાતમાં

● શહેરમાં ગણેશ વિસર્જનનો પ્રારંભ થતા ઠેર ઠેર ઢોલ નગારા અને ડીજે સાથે ગણપતિને વિદાય આપતા ભાવિકો ભકિતથી નાચતા જોવા મળ્યા હતા. આ વર્ષે જન્માષ્ટમીની જેમ ગણેશ ઉત્સવમાં પણ એકસરખા રંગના ડ્રેસ કોડનું ચલણ જોવા મળી રહ્યું છે.

● શહેરના એક જાણીતા સુપરમોલમાંથી ગ્રાહકે તેલનો ડબ્બો ખરીદ્યો હતો પરંતુ ઘરે ગયા પછી તેમાં લીકેજ જણાતા તપાસ કરતા તેનું સીલ અડધું તુટેલું જણાયું હતું. આથી ગ્રાહકે તુરંત જ પાછા જઈ મોલમાં ફરીયાદ કરતા મોલ સત્તાવાળાઓએ ગણતરીની મિનિટોમાં ડબ્બો બદલી આપી ગ્રાહકને શાંત કર્યો હતો.

● સે-૨-એ ખાતે નર્મહરિ ફાઉન્ડેશન દ્વારા તા. ૧૦મી સપ્ટેમ્બર શનિવારે આધારકાર્ડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ સ્વામિનારાયણ મંદિર પાસેના પ્લોટ નં. ૪-બી ખાતે સવારે ૧૧ થી સાંજના ૬ વાગ્યા સુધી યોજાશે જેનો લાભ લેવા નાગરિકોને નર્મહરિ ફાઉન્ડેશન દ્વારા અનુરોધ કરાયો છે.

## પેથાપુરમાં સ્વપંથ ઋષિબાપાની ૨૨મી શોભાયાત્રા શાંતિથી સંપન્ન

ગાંધીનગર, તા.૯

સ્વપંથ ઋષિબાપાની ૨૨મી શોભાયાત્રાનું આયોજન ગાંધીનગર જિલ્લા વાલ્મીકી વિકાસ મંડળ પેથાપુર દ્વારા કરવામાં આવેલ હતું. પ્રસંગ અનુરૂપ કુ. સંગીતા પી. મકવાણાએ પ્રવચન આપ્યું હતું. શોભાયાત્રાને પેથાપુરમાં મોટી બજારમાં એસ.ટી. એસોસીએશનના પ્રમુખ નટુભાઈ દરજી પરિવાર તરફથી પાણી તેમજ શરબત-નીલકંઠ વીણા વસાહતીઓ તરફથી આઈસ્કીમનું વિતરણ કરાયું હતું. શામળભાઈ દવેએ પાણીની વ્યવસ્થા કરી હતી. પેથાપુર વાલ્મીકિ સમાજના અગ્રણી શ્રી ગજેન્દ્રભાઈ વાઘેલાએ આભાર માન્યો હતો.

## સેકટર-૮ એકતા ચોક ઉત્સવ સમિતિના હોદેદારો

ગાંધીનગર, તા.૯

સેકટર-૮માં એકતા ચોક ઉત્સવ સમિતિની બેઠકમાં આગામી નવરાત્રિની ઉજવણી માટે હોદેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે.

જેમાં પ્રમુખ શ્રી જશપાલસિંહ ડાભી, ઉપપ્રમુખ શ્રી બી.બી.રોહિત, શ્રી દિનેશભાઈ પી. જાદવ, મહામંત્રી શ્રી અંબારામ જે. વણકર, ખજાનચી શ્રી ફુલચંદભાઈ પરમાર, સંગઠનમંત્રી શ્રી ચીમનલાલ એચ. મકવાણા, શ્રી ગીરીશભાઈ ડી. પરમાર, સહમંત્રી શ્રી ફીરોઝભાઈ મન્સુરી અને શ્રી મુકેશભાઈ ચૌહાણની સર્વ સંમતિથી વરણી કરવામાં આવેલ છે.

# ગાંધીનગર-ચિલોડા માર્ગ પરના અવરોધક જીવલેણ

## આર્મીએ મુખ્યમાર્ગ પર બેરીકોડની બાજુમાં પથ્થરો ગોઠવી આડસ કરી ગઈ રાત્રિએ આધેડ વાહનચાલક પટકાઈ પડી ગંભીર ઈજાઓનો ભોગ બન્યા

ગાંધીનગર, તા.૯

ચિલોડા પાસે આવેલ સુરક્ષા દળો પૈકી આર્મી કેમ્પે ગાંધીનગર-ચિલોડાના મુખ્ય માર્ગ ઉપર બેરીકોડ તથા પથ્થરોની આડસ ઉભી કરી છે. સુરક્ષાના કારણોસર હાથ ધરાયેલી આ વ્યવસ્થા અંધકારમાં જીવલેણ બની શકવાના સંજોગો સર્જાયા છે. ગઈ રાત્રીએ એક આધેડ વાહનચાલકને આ પથ્થરો ન દેખાતા પટકાઈ પડયા હતા અને ગંભીર ઈજાઓનો ભોગ બન્યા છે. જો કે દોડી આવેલી પોલીસે આર્મી સત્તાવાળાઓને તાત્કાલીક ધોરણે પથ્થરો હટાવી લેવા સુચના આપી છે.

ચિલોડાથી ગાંધીનગર તરફ જવાના મુખ્ય માર્ગની બાજુમાં સુરક્ષા દળોની અનેક કચેરીઓ આવેલી છે. જેમાં ચિલોડાથી નજીક એવી આર્મી કેમ્પની કચેરી આગળ મુખ્ય માર્ગને અવરોધવા માટે બેરીકેડ મુકાયા છે. આ બેરીકોડની બાજુમાં જગ્યા હોવાથી ત્યાં મોટા મોટા પથ્થરો મુકી આડસ ઉભી કરાઈ છે. વધુમાં આ માર્ગ ઉપર એક પણ રાત્રી લાઈટો ન હોવાથી સમગ્ર માર્ગ અંધકારમાં ગરકાવ રહે છે. જેમાં આ માર્ગ અવરોધકો અકસ્માત સર્જક બન્યા છે.

રાત્રીએ અંધકારમાં ન દેખાતા આ પથ્થરો પાસેથી પસાર થતાં જ ચાલકો પટકાઈ રહ્યા છે. ગુરુવાર રાત્રીએ અલુવા ગામના સોમાજી ઠાકોર (ઉ.વ. ૫૦) પોતાનું એકટીવા લઈ પસાર થતા હતા દરમિયાન આ સ્થળે પથ્થરો ન દેખાતા તેઓ પટકાઈ પડયા હતા. આશરે ૮.૩૦ વાગે બનેલી ઘટનાથી દોડી આવેલા લોકોએ ૧૦૮ને બોલાવી ગંભીર ઈજાગ્રસ્ત સોમાજીને સારવાર અર્થે ખસેડયા હતા. જયારે ચિલોડા પોલીસને અકસ્માતની જાણ થતા તાત્કાલીક દોડી આવી ઘટના સ્થળનું નિરીક્ષણ કર્યું હતું. જેમાં આર્મી સત્તાવળાઓને પથ્થરો ન મુકવા કડક તાકીદ કરી હતી. સુરક્ષાના કારણોસર ગેરકાયદેસર રીતે મુખ્યમાર્ગને અવરોધીને સુરક્ષાદળો અકસ્માતને આમંત્રીત કરે છે જે યોગ્ય ન હોવાનું જણાવી લોકોએ તાત્કાલીક આ અવરોધકો દુર કરવા જલદ માંગ કરી છે.






## સે-૩-સીના પ્રશ્નોના નિકાલ માટે રવિવારે રણશીંગુ ફુંકાશે

ગાંધીનગર, તા.૯

સેકટર-૩-સીમાં સરકારી દવાખાનું બાંધ્યાની તારીખથી આજ દિન સુધી તે બંધ હાલતમાં છે. તે ચાલુ કરવા માટે ૩ વર્ષથી રજુઆતો કરવા છતાં કુંભકર્ણની નિંદ્રાવાળી સરકારમાં કોઈ કાર્યવાહી થયેલ નથી. બગીચામાં સોલર લાઈટ બંધ હાલતમાં છે. સ્ટ્રીટ લાઈટમાંથી કનેકશન આપવું જોઈએ. પૂરતા પાણીનો ફોર્સ આવતો નથી. સફાઈ કામગીરી નિયમિત રીતે અનિયમિત થાય છે. આવા પ્રાણ પ્રશ્નોના નિકાલ માટે તા. ૧૧મી સપ્ટેમ્બરે સાંજે રામજી મંદિરના પટાંગણમાં વસાહતીઓની એક મીટીંગ યોજવામાં આવેલ છે તેમ સે-૩-સીના મહામંત્રી શ્રી એન.એમ. પરમારે જણાવેલ છે.

## ચિરવિદાય

- સ્વ. અરૂણસિંહ લક્ષ્મણસિંહ ડાભી, ઉ.વ. ૪૫
- સ્વ. ભોગીલાલ કુબેરદાસ ટાટરીયા, ઉ.વ. ૭૬
- સ્વ. ભૂપેન્દ્રભાઈ ડાહ્યાભાઈ પરમાર, ઉ.વ. ૩૭
- સ્વ. ઠાકોર જીબાબેન રવાજી, ઉ.વ. ૭૫
- સ્વ. રબારી લીલુબેન કરસનભાઈ, ઉ.વ. ૮૦
- સ્વ. વ્યાસ અનીશાબેન બચુભાઈ, ઉ.વ. ૪૮